ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં દિલ્હીની ચુંટણીની ચર્ચા જામી

## સરકારી કચેરીઓ, સચિવાલય અને શહેરના બજારોમાં એક જ વાત આજકાલ ચાલે છે - દિલ્હીમાં જીતશે કોણ ? કેજરીવાલ કે કિરણ બેદી

ગાંધીનગર, તા.૪

લગભગ એક વર્ષ અગાઉ ભૂલાઈ ગયેલી આમ આદમી પાર્ટી અને ગળામાં મફલર લપેટેલો ટીપીકલ અરવિંદ કેજરીવાલ ફરીથી ચર્ચામાં આવી ગયો છે. દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટી જીતી રહી છે તેવા સર્વેના રીપોર્ટ આવતા ઘણાની ઉંઘ ઉડી ગઈ છે. જો કે ગાંધીનગરાઓ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સાત્વિક મનોરંજન લઈ રહ્યા છે. જેમ ગયા વખતના ક્રિકેટ વર્લ્ડ કપ વખતે ચૌરે ને ચૌટે ચર્ચાઓનો

**સમયસર**

દોર ચાલ્યો હતો તેવી રીતે દિલ્હી વિધાનસભાની ચુંટણીની ચર્ચાઓ ઠેર ઠેર ચાલી રહી છે.

બે દિવસ બાદ દિલ્હી વિધાનસભાની ચુંટણી છે. નેશનલ ટીવી ચેનલ્સ પર તેની જ ચર્ચાઓ ચાલી રહી છે. દિલ્હી દેશનું પાટનગર હોઈ તેની વિધાનસભાની ચૂંટણીઓ બધા જ પક્ષો માટે પ્રતિષ્ઠાનું કેન્દ્ર બની ગઈ છે. તેમાંય કેન્દ્રમાં સત્તા સ્થાને બેઠેલી નરેન્દ્ર મોદીની ભાજપ સરકાર અને આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલની સીધી ટકકર આ ચુંટણીઓમાં થઈ રહી છે.ભાજપે કિરણ બેદીને મુખ્યમંત્રીપદના ઉમેદવાર જાહેર કરીને ચુંટણી જંગને અત્યંત રસપ્રદ બનાવી દીધો છે તો અરવિંદ કેજરીવાલનો જાદુ બમણા જોરથી દિલ્હીમાં ચાલી રહ્યો છે. આમ આદમી પાર્ટી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં જીતી રહી છે તેવો સર્વેનો રીપોર્ટ આવ્યા બાદ તો વાતાવરણમાં વધુ ગરમી આવી ગઈ છે.

ગાંધીનગરમાં જયાં જુઓ ત્યાં દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ, આમ આદમી પાર્ટી, કેજરીવાલ, કીરણ બેદી અને નરેન્દ્ર મોદીની જ ચર્ચાઓ થતી સાંભળવા મળી રહી છે. દિલ્હી વિધાનસભાની ચુંટણી સાથે ગાંધીનગરવાસીઓને કોઈ સીધો સંબંધ ન હોવા છતાં આ રસપ્રદ જંગથી વસાહતીઓ પોતાને અળગા રાખી શકતા નથી. ક્રિકેટ ફીવરની જેમ દિલ્હી વિધાનસભા ચૂંટણી ફીવર અત્યારે ગાંધીનગરમાં જોવા મળી રહ્યો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

મેડિકલ કૉલેજ સંકુલનું હજુ વિસ્તૃતિકરણ ચાલી રહ્યું છે. બાંધકામ પૂર્ણ થશે ત્યારે મેડિકલ કૉલેજ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મોકળાશભર્યો માહોલ મળશે. વિદ્યાર્થીઓને અને દર્દીઓને આનો સીધો લાભ અનુભવાશે. ગાંધીનગર મેડિકલ કૉલેજ પ્રતિષ્ઠિત કૉલેજ બને એવા પ્રયાસો તમામ પક્ષે ચાલી રહ્યા છે.

# ગાંધીનગર પહોંચેલ જ્ઞાન-વિજ્ઞાનની ટ્રેન

## વિદ્યાર્થીઓ સહિત દરેક માટે જ્ઞાનનો ભંડાર ખોલતી સાયન્સ એક્સપ્રેસ ટ્રેન : માત્ર ત્રણ દિવસ માટે ગાંધીનગર આવેલ સાયન્સ ટ્રેનમાં સવારે ૧૦.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી નિઃશુલ્ક પ્રવેશ





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના રેલવે સ્ટેશને આજે સાયન્સ એક્સપ્રેસ આવી પહોંચી હતી. આ એક્સપ્રેસમાં વિજ્ઞાનલક્ષી પ્રદર્શન પ્રસ્તુત કરાયેલું છે. ઓક્ટોબર-૨૦૦૭થી આ સાયન્સ એક્સપ્રેસ ભારતભરમાં ભ્રમણ કરી રહી છે અને ગાંધીનગરમાં તા. ૬ઠ્ઠી તારીખ સુધી રોકાવાની છે. આ સાયન્સ એક્સપ્રેસનું પ્રદર્શન સવારે ૧૦.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી નિઃશુલ્ક જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવે છે.

સાયન્સ એક્સપ્રેસમાં વિવિધ પ્રાણીઓના મોડેલ્સ સાથે ચિત્રો, કોયડા, જૈવ વિવિધતા, પર્યાવરણ, વન આબોહવા, પર્વતમાળાઓ, સુક્ષ્મ જીવાણુઓ, કૃષિ જૈવ વિવિધતા વગેરે અનેક વિષયોને લગતી અઢળક માહિતી સાથે ૧૬ એસી કોચ બનાવાયા છે. આ સાયન્સ એક્સપ્રેસ એ ભારતનું મોટામાં મોટુ, લાંબુ અને સૌથી વધુ મુલાકાતીઓ ધરાવતુ વિક્રમજનક વિજ્ઞાન પ્રદર્શન છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સહિત અનેક લોકો માટે આ ખૂબ જ ઉપયોગી પ્રદર્શન છે. આ એક્સપ્રેસમાં વિજ્ઞાનનો આનંદ પ્રવૃત્તિલક્ષી પ્રયોગ શાળા પણ બનાવાઈ છે. તેમજ પર્યાવરણ, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોની રસપ્રદ માહિતી પણ આપવામાં આવેલી છે.

આ સાયન્સ એક્સપ્રેસ ટ્રેને અત્યાર સુધીમાં ભારતભરમાં ૧,૨૦૮૬૧ કિમીનો પ્રવાસ કર્યો છે અને ૩૮૭ સ્થળોએ ૧૩૭૫ પ્રદર્શની દિવસોમાં ૧.૩૦ કરોડ લોકો આ ટ્રેનની મુલાકાત લઈ ચુક્યા છે. આ કલાત્મક પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ સમાજના વિવિધ સંપ્રદાયો, ખાસ કરીને વિદ્યાર્થીઓમાં ભાષાની જૈવ વિવિધતા, આબોહવા પરિવર્તન અને બીજી અનેક સમસ્યાઓ વિશે જાગૃતિ પેદા કરવાનો છે. આ પ્રદર્શન શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ સાથે સાથે શિક્ષકો માટે પણ ખૂબ ઉપયોગી છે.

# આવાસોની છત સલામત બનાવવા સર્વે હાથ ધરાશે

## સર્વેના રીપોર્ટ બાદ છત મજબુતીકરણ માટે વિશેષ કામગીરી આરંભાશે





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૪

શહેરના સરકારી આવાસોની છતના મજબુતીકરણ માટે સર્વે હાથ ધરવામાં આવશે. શહેરના જર્જરિત આવાસોની સીલીંગમાંથી પોપડા પડતા અટકાવવા સર્વેના આધારે તૈયાર થયેલા રીપોર્ટ મુજબ છત મજબુતીકરણનું કામ હાથ ધરાશે.

શહેરના સેક્ટરોમાં સ્થિત વર્ષો જૂના સરકારી આવાસો જરૂરી મજબુતીકરણના અભાવે જોખમી હાલતમાં છે. જ્યારે રીનોવેશનના અંતે પણ આવાસોની છત સલામત ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. જેના પરિણામે સરકારી આવાસોની છતમાંથી પોપડા પડવાની ઘટનાઓ છાશવારે પ્રકાશમાં આવે છે. મકાન રીનોવેશન દરમિયાન આવાસોની છતમાં પ્લાસ્ટર કર્યા બાદ મોટામસ પોપડા પડતા રહીશો માટે ખતરો ઉભો થયો છે. આવા સંજોગોમાં સીલીંગમાંથી પોપડા પડવાની ઘટનાઓને ડામવા તંત્ર દ્વારા આવાસોની છતનો મજબુતીકરણની દષ્ટિએ સર્વે હાથ ધરાશે. આ દરમિયાન આવાસોની છતમાં પ્લાસ્ટર નહી કરવા પણ ઉચ્ચ કક્ષાએથી સૂચના આપવામાં આવી છે. આવાસોની છત મામલે અભ્યાસ હાથ ધરવા સુવિધા કચેરીના કર્મચારીઓને સર્વેની કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. જ્યારે સર્વેના અંતે આવાસોની સીલીંગનું મજબુતીકરણ હાથ ધરવા તૈયાર થયેલા રીપોર્ટના અંતે વિભાગ કક્ષાએથી નિર્ણય લેવાય છે. જે મુજબ આવાસોની છત સલામત બનાવવા કામગીરી હાથ ધરાશે.

# પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૫નું આજે મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૪

વિશ્વના સૌથી મોટા પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૫નું આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. સવારે ૯.૦૦ કલાકે મુખ્યમંત્રીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી રીબીન કાપી પ્લાસ્ટ ઈન્ડિયાના ભવ્ય એક્ઝીબીશનને ખુલ્લુ મુકવામાં આવશે. આ પ્રસંગે પ્લાસ્ટ ઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રમુખ સુભાષ કડાકીયા, નેશનલ એક્ઝીક્યુટીવ ફાઉન્સિલના પ્લાસ્ટ ઈન્ડિયાના ચેરમેન જે.આર. શાહ સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. પ્લાસ્ટ ઈન્ડિયાના એક્ઝીબીશનમાં ભારત સહીત ૩૫ જેટલા દેશો ભાગ લેવાના છે. જ્યારે સે. ૧૭ સ્થિત વિશાળ મેદાનમાં એક્ઝીબીશન સેન્ટરમાં વિવિધ ડોમ્સમાં આ પર્દર્શનને અનુલક્ષી જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. અંદાજિત ૧.૫૦ લાખ લોકો આ પ્લાસ્ટ ઈન્ડિયાની મુલાકાત લે તેવી સંભાવના છે.

# વીલેજ પ્રોફાઈલ પ્લાનીંગ અંગે કેબીનેટમાં ચર્ચા

ગાંધીનગર, તા. ૪

રાજ્યમંત્રી મંડળની આજે મળેલી બેઠકમાં રાજયના ગામડાઓના સર્વાંગી વિકાસ માટે વીલેજ પ્રોફાઈલ એન્ડ પ્લાનીંગ અંગે એક ડેટા તૈયાર કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નિયામક આર્થિક આંકડાશાસ્ત્ર બ્યુરોની કચેરી દ્વારા ગામડાઓમાં ૧૧ જેટલા સેક્ટરોમાં પુરી પાડવામાં આવતી ૩૦૦ જેટલી સેવાઓ અંગેની વિગતો એકત્ર કરીને વેલબેઝ પોર્ટલ વીલેજ પ્રોફાઈલ નામનો ડેટા બાયસેગ અને વિજ્ઞાન અને પ્રોદ્યોગીકો વિભાગની મદદથી તૈયાર કર્યો છે.

રાજ્યમંત્રી મંડળની આજે મળેલી બેઠકમાં વીલેજ પ્રોફાઈલ અને પ્લાનીંગ અંગે તૈયાર કરવામાં આવેલા ડેટા અંગેની એક પુસ્તીકા રજુ કરવામાં આવી હતી. જેના પર ચર્ચા વિચારણા

● અનુસંધાન પાન-૭ પર

# ‘ગ’ અને ‘ખ’ માર્ગને સીકસલેન કરાશે

## રૂ. ૨૦ કરોડના ખર્ચે સિક્સલેન કરાશે : બંને માર્ગોને ડસ્ટ ફ્રી બનાવવા ૭ મીટરમાંથી ૧૦.૫૦ મીટર પહોળા કરાશે : ‘ઘ’ અને ‘ચ’ માર્ગ પર ટ્રાફીકનું ભારણ ઘટશે

ગાંધીનગર, તા.૪

શહેરના ‘ગ’ અને ‘ખ’ માર્ગને સીકસલેન બનાવવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવે છે. હાલ આ બંને માર્ગો ફોરલેન છે. ‘ગ’ અને ‘ખ’ માર્ગને સીકસલેન બનાવવા અંદાજિત રૂ. ૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ટૂંકમાં આ કામને વહીવટી મંજુરી આપી દેવાશે.

હાઈટેક બનતા ગાંધીનગરની વસતી અને વિકાસના નવા પ્રોજેકટોને ધ્યાને લઈ નગરનું રોડ નેટવર્ક પણ તબક્કાવાર અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોના નવીનીકરણ બાદ મુખ્યમાર્ગોનીસુધારણા પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરમાં હાલની સ્થિતિએ મુખ્ય ‘ઘ’ અને ‘ચ’ માર્ગ સીકસલેન છે જયારે અન્ય ‘ગ’ અને ‘ખ’ માર્ગ ફોરલેન છે. જયારે ૭ મીટરની પહોળાઈ ધરાવતા આ બંને રસ્તાઓનું ૧૦.૫૦ મીટર સુધી વાઈડનીંગ કરવામાં આવશે. બંને માર્ગોને સીકસલેન બનાવવાની દરખાસ્ત રજૂ કરાયા બાદ વિભાગ કક્ષાએ પણ આ કામગીરીને વહીવટી મંજુરી આપવા ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. શહેરના વિકાસની સાથે ‘ગ’ અને ‘ખ’ માર્ગને સમાતંર સ્થિત મહાત્મા મંદિરને અનુલક્ષી છેલ્લા બે વર્ષથી આ માર્ગો પર ટ્રાફીકનો ધમધમાટ વધ્યો છે જયારે ‘ખ’ અને ‘ગ’ માર્ગ સીકસલેન થાય તો નગરના મુખ્ય ‘ઘ’ અન ‘ચ’ માર્ગ ઉપર ટ્રાફીકનું ભારણ ઘટે તેમ છે. આ બંને માર્ગોને સીકસલેન બનાવવા અંદાજિત રૂ. ૨૦ કરોડનો ખર્ચ થશે. જેના અંતે નગરના તમામ મુખ્ય રસ્તાઓ સીકસલેન થઈ જશે. ‘ખ’ અને ‘ગ’ માર્ગને ડસ્ટ રહીત બનાવવા નજીકના ભવિષ્યમાં વાઈડનીંગનું કામ શરુ કરી દેવાશે.

# સરગાસણના રોહીતવાસમાં દૂષિત પાણી : રોગચાળાનો ખતરો

## બે મહીનાથી રહીશોની રજૂઆત છતા કોઈ પગલા લેવાતા નથી

ગાંધીનગર, તા. ૪

સરગાસણના રોહીતવાસમાં ગટર અને પાણીની લાઈનમાં લીકેજ હોવાથી દૂષિત પાણી આવતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. દૂષિત અને દુર્ગંધયુક્ત પાણીના લીધે રોગચાળાનો ખતરો મંડરાયો છે. આ મામલે સ્થાનિક રહીશોએ ગામના સરપંચ સમક્ષ રજૂઆત કર્યા બાદ લાંબા સમયના અંતે પણ સમસ્યાનો નિકાલ આવતો નથી. બે મહીનાથી દૂષિત પાણીની સમસ્યાએ ભરડો લેતા રહીશો તોબા પોકારી ગયા છે.



(તસવીર : ધનંજય જોષી)



સરગાસણ ગામમાં ૧૨ વર્ષ અગાઉ પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગેસ તેમજ ગટરલાઈનના ખોદકામ થતા પાણીની લાઈનમાં ઘણા ઠેકાણે લીકેજની સમસ્યા ઉદ્ભવી હતી. જેના પરિણામે લાઈનમાં ઘણી જગ્યાએ સાંધા કરવામાં આવ્યા છે. રોહીતવાસમાં રહેતા જતીન કપુરે આ અંગે વધુમાં જણાવ્યા અનુસાર પાણી અને ગટરલાઈનમાં ભંગાણ થતા ગટરનું દૂષિત પાણી મિશ્રિત થતુ હોવાથી ગામના રોહીતવાસમાં છેલ્લા બે મહીનાથી આ સમસ્યા ઉદ્ભવી છે. દૂષિત અને દુર્ગંધયુક્ત પાણીની સમસ્યાને ડામવા ગ્રામજનો કક્ષાએથી કલેક્ટર તેમજ ગામના સરપંચની પણ રજૂઆત કરવામાં આવી છે. આમ છતા કોઈ પગલા લેવાતા નથી. ગામમાં દૂષિત પાણીના ભરાવા સાથે રહીશોને ગુણવત્તાયુક્ત પાણી ન મળતુ હોવાથી રોગચાળાનો ખતરો મંડરાયો છે. ગામના સરપંચ-તલાટીએ પણ સ્થિતિનું નિરીક્ષણ કર્યુંછે. આમ છતાં આ સમસ્યા નિવારવા ત્વરિત કોઈ પગલા લેવાતા નથી



(તસવીર : કશ્યપ નિમાવત)

દબાણ અને ગંદકી ગાંધીનગરની ખૂંચતી ખામી છે... ખુબીઓથી છલકાતા નગરમાં ખામીઓ પણ વાગે એવી છે... અતિસુંદર માર્ગો અને મકાનોવાળા શહેરમાં દબાણ અને ગંદકી ખૂંચે છે... તંત્રના પ્રમાણિક પ્રયાસોના અભાવે હંગામી ધોરણે ગંદકીઓ અને દબાણો દૂર થાય છે પરંતુ અવસર વિતે યથાવત સ્થિતિ સર્જાય છે...

# પ્રચારાર્થે મંત્રીઓ દિલ્હીના પ્રવાસે જતા કેબીનેટમાં મંત્રીઓની પાંખી હાજરી

ગાંધીનગર, તા.૪

રાજયમંત્રી મંડળના કેટલાક મંત્રીઓ ચૂંટણી પ્રચારાર્થે દિલ્હી ગયા હોઈ આજે મળેલી કેબીનેટ બેઠકમાં મંત્રીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને આજે રાજય મંત્રીમંડળની બેઠક મળી હતી. જો કે ગુજરાતના કેટલાક મંત્રીઓને દિલ્હી વિધાનસભા ચૂંટણીની ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવામાં આવતાં કેટલાક મંત્રીઓ દિલ્હીના પ્રવાસે ગયેલા હોઈ મંત્રી મંડળની બેઠકમાં આજે મંત્રીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

કેબીનેટ બેઠક બાદ ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ બપોરે ચૂંટણી પ્રચારાર્થે દિલ્હી જવા રવાના થયા છે. જેઓ દિલ્હીમાં બે ચૂંટણી સભાઓને સંબોધશે.

# કર્મચારીઓ અધિકારીઓની ૫૦-૫૫ વર્ષે કામગીરીની સમીક્ષા કરવા સૂચના અપાઈ

ગાંધીનગર, તા.૪

રાજય સરકારમાં ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓની ૫૦ તથા ૫૫ વર્ષની વયના તબક્કે તેમની કામગીરીની સમીક્ષા કરવા અને ચાલુ રાખવા કે કેમ તે અંગે યોગ્ય નિર્ણય લેવા તમામ વિભાગોના વડાઓને સૂચનાઓ આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારના વિવિધ વિભાગો અને તેમના તાબા હેઠળની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓની કામગીરી અને તેમની કાર્યક્ષમતા અંગે ૫૦ અને ૫૫ વર્ષની વય થયે સમીક્ષા કરવામાં આવે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારના નિયમો મુજબ દર વર્ષે જે કર્મચારી અધિકારીઓની વય ૫૦ કે ૫૫ વર્ષની થઈ હોય તેમની કામગીરી અને કાર્યક્ષમતા યોગ્ય છે કે નહી તેની સમીક્ષા કરવામાં આવતી હોય છે અને જેમની કામગીરી સારી ન હોય ખાનગી અહેવાલો સારા ન હોય તે તપાસો

● અનુસંધાન પાન-૭ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com